Swami Shreeji

# SHRI HARI ASHRAM

Founder : BRAHMSWAROOP HARIPRASAD SWAMIJI MAHARAJ

President: H.D.H. PREMSWAROOP SWAMIJI MAHARAJ

Reg. No. BRD/A/2543.Dt.:12-06-1978 :: I.T. Reg. No. 110-37/H :: :: www.shaharidham.org

HARIDHAM, P.O. SOKHADA-391745, Dist. Vadodara, Gujarat, India.

તા. 17.12.2025, હરિધામ.



સંતભગવંત ગુરુહરિ સ્વરૂપ પ.પૂ. સાહેબદાદાની સેવામાં,

આપના શ્રીચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ જય શ્રી સ્વામિનારાયણ !

હર્ષ વ્યકત કરવા શબ્દો ટૂંકા પડે એટલો અનહદ રાજીપો અનુભવાય છે ! સરદાર પટેલ યુનિવર્સિટીના ઈતિહાસમાં ક્યારેય ન થયું હોય તેવું શુભાતિશુભ કાર્ય થયું ! આપને ‘ડૉક્ટર ઑફ લેટર્સ’ની પદવી પ્રદાન કરી તે સમગ્ર સ્વામિનારાયણ પરંપરા માટે અત્યંત ગૌરવ અને આનંદની વાત છે ! સમાચાર મળ્યા ત્યારથી એક જ વિચાર આવે છે, ‘ગુરુહરિ સ્વામીજી પ્રત્યક્ષ હોત તો તેઓશ્રીના હૈયે અનુભવાતી હરખની હેલીનાં દર્શન કંઈક જુદાં જ હોત !’

ગુરુહરિ યોગીજી મહારાજનાં યુગકાર્યમાં ‘સ્વ’નું વિસર્જન કરીને નિમિત્ત બનનાર આપનાં અને સાથી યુવાનોનાં દર્શન કરીને જ બાપાના હૈયેથી સરી પડ્યું હશે કે, ‘યુવકો મારું હૃદય છે !’ ગુરુહરિ યોગીજી મહારાજની એ પરાવાણી “રા.રા. જશુભાઈ, આખા બ્રહ્માંડમાં વિદ્યાનગરનો ડંકો વાગશે !” સાકાર થતી હોવાનું દર્શન આપે આપનાં યુગકાર્યથી કરાવ્યું છે.

ગુરુહરિ યોગીજી મહારાજે ગુરુહરિ સ્વામીજીને દીક્ષા અર્પી તેને ૬૦ વર્ષ થયાં. બાપાની આજ્ઞા પ્રમાણે આપની સમીપમાં રાખીને સેવકનું ઘડતર કર્યું, ગુરુહરિ સ્વામીજીની ગોદમાં મૂક્યો અને તેઓશ્રીની સાથે જ દીક્ષા લેવાનું સૌભાગ્ય સાંપડ્યું. આ રીતે સેવકને ન્યાલ કરી દેનાર એવા પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપ આપનું સાંનિધ્ય અને આશીર્વાદ આ શુભ દિને મળે તેવી પ્રાર્થના છે.

આપનુ બાળક દાસના દાસ
સાધુ પ્રેમસ્વરૂપના
દંડવત પ્રણામ સહ
જયશ્રી સ્વામિનારાયણ